# ડીસામાં ચોકસી એસોસિએશન દ્વારા અપાયેલા બંધને મિશ્ર પ્રતિસાદ



(ફોટો-કાન્તિલાલ લોધા, ડીસા)

ડીસા, તા.૪

કેન્દ્રીય બજેટમાં સોના-ચાંદીના દાગીના ઉપર કસ્ટમ અને એકસાઈઝ તેમજ ટીડીએસ અને વેટ સહિતના મામલે ડીસા શહેરના સુવર્ણકારો એ સરકાર સામે છેલ્લા પંદરેક દિવસથી આંદોલનનું શસ્ત્ર ઉગામ્યું હોવા છતાં સામાપક્ષે સરકારે પણ મચક ન આપતા છેવાડાના વ્યકિતઓ સુધી સોના ચાંદીના ઘરેણાં પહોંચાડનાર સુવર્ણકારોમાં આક્રોશની લાગણી પ્રવર્તી રહી છે. વિરોધના ભાગ રૂપે બુધવારે ડીસા સુવર્ણકાર ચોકસી એસો. દ્વારા ડીસા બંધનું એલાન જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ બાદમાં મેડીકલ, નાસ્તાના સ્ટોલ, કરિયાણા સ્ટોર સહિતની દુકાનો રાબેતા મુજબ ચાલુ રહેવા પામી હતી. જયારે સોનીઓની દુકાનો સંપૂર્ણ બંધ રહેવા પામી હતી. ડીસા પંથકમાં લગ્નની મોસમ ચાલી રહી છે અને બીજી તરફ સોના ચાંદીની દુકાનોને તાળા લટકેલા જોઈ લોકોને પરત ફરવું પડે છે. ઘરેણા વિના પ્રસંગ કઈ રીતે પાર પાડવો? તે બાબતે લોકો અવઢવમાં મૂકાયા છે. સોનીઓ અને સરકાર સાથે વાટાઘાટો થાય તો સમસ્યાનો નિવેડો આવે અને રાબેતા મુજબ સોના ચાંદીની ખરીદી શકય બને પરંતુ આ જટીલ સમસ્યાનો હજુ ઉકેલ નહીં આવતા લગનસરાની સીઝન વેળાએ લોકોની હાલત કફોડી બનવા પામી છે ત્યારે આજ રોજ ચોકસી સુવર્ણકાર એસોસીએશન દ્વારા બંધનું એલાન જાહેર કરવામાં આવ્યું હતું પરંતુ બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો.

## કાંકરેજ તાલુકાના દલપતપુરા ગામના સ્મશાનની જમીન પણ જમીન માફિયાઓના કબજામાં



### ગ્રામજનોનો ઉગ્ર આક્રોશ : ન્યાય મળશે ખરો ?!

કાંકરેજ, તા. ૪

કાંકરેજ તાલુકાના દલપતપુરા (ગુઠાવાડા) ગામે આવેલ સર્વે નં. ૬૨ જે સરકારશ્રીના રેકર્ડ ઉપર નોંધ નં. ૩૯થી સ્મશાન તરીકે જાહેર થયેલ છે, જે સ્મશાન અને તેની આજુબાજુનો વિસ્તાર કે સર્વે નં. ૩૩, ૬૩/૧ વિગેરે ગૌચર તરીકે જાહેર થયેલ પણ આજે દલપતપુરા (ગુઠાવાડા) ગામના ઠાકોર મેહાજી ધીરાજી (ઉ.૯૦)નું અવસાન થતાં ગામ લોકો ગ્રામજનોનાં સર્વે નં. ૬૨માં આવેલ જે સ્મશાન કંપની મનેજર જયેશ રાઠી જનરલ મેનેજર પ્રિસિયસ એનજી સર્વિસીસ પ્રા. લી. હાલ દલપતપુરા, તા. કાંકરેજવાળા તેમજ જમીન માફીયાઓના મેળાપીપણાથી દલપતપુરા ગામનું સ્મશાન પણ જમીન માફીયાના સકંજામાં આવી જતાં સોલાર કંપનીના લાગતા વળતાઓની મેલી મુરાદથી સ્મશાન પણ બાકાત ના હોવાથી આજે ગામ લોકો ઠાકોર ઈસમનું મોત થયેલ હોવાથી તેઓ નિત્ય નિયમ મુજબ પોતાના સ્મશાનમાં અગ્નિદાહ દેવા જઈ રહ્યા હતા ત્યારે કંપનીના સિક્યુરિટીવાળાએ તેમને અડધૂત કરી નાખ્યા હતા. ત્યારે ગામલોકોનો રોષ જોવા મળ્યો હતો. તો શું હવે સ્મશાન પણ સલામત નથી.

આ બાબતે ગ્રામજનોએ બનાસકાંઠાના કલેક્ટરને હુકમ પણ બતાવ્યો હતો કે આ સર્વે નંબર સ્મશાન માટે જાહેર થયેલ હોઈ વાણિજ્ય માટે તેનો ઉપયોગ થઈ શકે નહીં તે બાબતે કંપની વાળાઓને પણ કલેક્ટરશ્રીએ લેખિત જાણ કરેલ હોવાનું પણ ગામ લોકો કહી રહ્યાં છે. આવા કાંકરેજ તાલુકામાં ફરતા જમીન દલાલો, એજન્ટોની સરકારશ્રી તપાસ કરી જમીન દલાલોને ખુલ્લા પાડે અને આ લોકો સામે કાયદાનો સકંજો ચલાવવામાં આવે તો સાચી વાતનો ખ્યાલ આવે તેવું ગ્રામજનો જણાવી રહ્યાં છે.

## આજે કૃષિ મંત્રી બનાસકાંઠા જિલ્લાના દૂધ ઉત્પાદકોને અભિનંદન પાઠવશે

પાલનપુર, તા. ૪

બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. પાલનપુરના ચેરમેન અને નિયામક મંડળે તા. ૧૫ જાન્યુઆરી ૨૦૧૨ના રોજ ૩૦.૭ લાખ કિ.ગ્રા. દૂધ સંપાદન કરી સમગ્ર એશિયા કંડમાં પ્રથમ સ્થાન જાળવી રાખતા આજે બનાસ ડેરી ખાતે તેમનો શુભેચ્છા કાર્યક્રમ યોજાશે.

આજ તા. ૫ એપ્રિલ ૨૦૧૨ના રોજ બનાસકાંઠાની બનાસ ડેરી ખાતે રાજ્યના કૃષિ મંત્રી દિલીપ સંઘાણી, જિલ્લાના ધારાસભ્યો સહિત આગેવાનો ઉપસ્થિત રહેશે. અને ૩૦.૭ લાખ કિ.ગ્રા. દૂધ સંપાદન કરી સમગ્ર એશિયા ખંડમાં પ્રથમ સ્થાન જાળવી રાખનારા ડેરીના ચેરમેન અને મંડળના સભ્યોને શુભેચ્છાઓ આપશે.

## સવગઢ ગ્રામ પંચાયતમાં ૧૩ સભ્યો સરપંચ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત લાવ્યા

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લામાં પ્રથમવાર એવું બન્યું હશે કે સરપંચની વિરૂદ્ધમાં તમામ સભ્યો એક થઈને અવિશ્વાસની દરખાસ્ત લાવ્યા હોય. હિંમતનગરને અડીને આવેલી પ્રથમ હરોળની સવગઢ ગ્રામ પંચાયતમાં ૩ માસના ટૂંકાગાળામાં સરપંચના આપખુદ વલણથી નારાજ થઈને તમામ ૧૩ સભ્યો સરપંચ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત લાવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. સભ્યો દ્વારા તાલુકા વિકાસ અધિકારી વસંતભાઈ સોલંકી સમક્ષ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કર્યા બાદ બુધવારે પોલીસ બંદોબસ્ત સાથે ગ્રામપંચાયતની સભા બોલાવવામાં આવી હતી. જેમાં તમામ સભ્યોએ મહિલા સરપંચને ગેરલાયક ઠેરવવા અવિશ્વાસની દરખાસ્ત ઉપર મ્હોર મારી હતી. સરપંચ ઉપર અવિશ્વાસની દરખાસ્ત આવતા તેમના ટેકેદારોએ ગ્રામપંચાયતની બહાર હોહા કરી દેકારો મચાવી મુક્યો હતો.

ડિસેમ્બરમાં યોજાયેલ ૭૦ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓમાં હિંમતનગર તાલુકાની અગ્રણી સવગઢ ગ્રામપંચાયતની ચૂંટણી યોજાઈ હતી. જેમાં મહિલા સરપંચપદે અનુ. જાતિના રમાબેન દિનેશભાઈ વોરા તેમની પેનલના કેટલાક સભ્યો સહિત ૧૩ સભ્યો ચૂંટાયા હતા. ૩ મહિનાના ટૂંકા સમયગાળામાં સરપંચની વિરૂદ્ધમાં આંતરિક વિખવાદ ઉભો થવા પામ્યો હતો. સરપંચની વિરૂદ્ધનો વિવાદ વકરતા મહિલા સરપંચની પેનલમાં ચૂંટાયેલા સભ્યો સહિત તમામ ૧૩ સભ્યો વિરૂદ્ધ તાલુકા વિકાસ અધિકારી વસંતભાઈ સોલંકી સમક્ષ અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કરતા તાલુકા વિકાસ અધિકારી દ્વારા સભા બોલાવી અવિશ્વાસની દરખાસ્ત અંગે ચર્ચા-વિચારણા કરવાનો નિર્ણય લેવાતા તલાટી રમેશભાઈ પટેલે બુધવારે સવારે ૧૧ કલાકે પોલીસ બંદોબસ્ત સાથે પંચાયતની બેઠક બોલાવી હતી. જેમાં ડે. સરપંચ વલીભાઈ મરોડીયા તેમજ સભ્યો સલીમભાઈ કણીયા, મુસ્તાકભાઈ સંઘાણી, પારૂલબેન મકવાણા, નફીસાબેન રેવાસીયા, બદરુબેન તાંબડીયા, અનિતાબેન રાઠોડ, સફીભાઈ મેમણ, અવિશ્વાસની દરખાસ્ત ઉપર સર્વાનુમતે મ્હોર મારતા મહિલા સરપંચ રમાબેન વોરા સરપંચ પદેથી ગેરલાયક ઠર્યા હતા. ૩ મહિનાના ટુંકાગાળામાં મહિલા સરપંચ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત આવતા આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બનવા પામ્યો હતો. સભા દરમિયાન ગ્રામ પંચાયતની બહાર સરપંચના ટેકેદારો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને મહિલા સરપંચને ગેરલાયક ઠરાવવા સભ્યો દ્વારા લેવાયેલા નિર્ણયનો ભારે વિરોધ દર્શાવી હોહા કરી મુકી હતી. પોલીસે ભારે જહેમત બાદ સરપંચના ટેકેદારોને શાંત પાડ્યા હતા. સરપંચની તરફેણમાં ૧૩ પૈકી એકપણ સભ્ય ન હોવાનું જણાવ્યું હતું. તેમની પેનલનો પણ એકપણ સભ્ય તેમની સાથે ન હોવાનો અહેસાસ મહિલા સરપંચને થવા પામ્યો હતો.

## પાલોદર ગામની સીમે આવેલી ટયૂબવેલ પર બેઠેલા ૪ વ્યકિતઓ પર ઘાતકી હુમલો : બેનાં મોત, બે ઘાયલ

મહેસાણા, તા.૪

મહેસાણા નજીક પાલોદર ગામની સીમમાં આવેલા એક ટયુબવેલ પર માનસિક રીતે અસ્વસ્થ કહેવાતા એક ઈસમે અચાનક તીક્ષ્ણ હથિયાર વડે ચાર વ્યકિતઓ પર ખૂની હુમલો કરતા એક કિશોર સહિત બે વ્યકિતઓના મોત થયા હતા. જયારે બે વ્યકિતઓને ગંભીર ઈજાઓ થઈ હતી. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી સાથે સનસનાટી મચી જવા પામી હતી.

મળતી માહિતી અનુસાર મહેસાણા નજીક પાલોદર ગામના ૧૨ થી ૪૦ વર્ષની વયના ચાર વ્યકિતઓ બપોરના સમયે ગામની સીમમાં આવેલા એક ટયુબવેલ પર બેઠા હતા ત્યારે આ ટયુબવેલ પર ઓપરેટર તરીકે કામ કરતા કરણસિંહ રામસિંહ વાઘેલા નામના કથિત માનસિક અસ્વસ્થ શખ્સે ચારેય વ્યકિતઓ પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હતા. શંભાજી દેહડજી ઠાકોર ઉ.વ. ૪૦નું સ્થળ પર જ મોત નિપજયું હતું જયારે અન્ય ત્રણ વ્યકતિઓને શરીરે ગંભીર ઈજાઓ થતા તેઓને તુરંત મહેસાણા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયાં અર્જૂનસિંહ ભરતજી વાઘેલા ઉ.વ. ૧૨ નામના કિશોરનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. જયારે સંદિપસિંહ રતુભા જાડેજા ઉ.વ. ૧૮ અને ધવલસિંહ નિકાજી વાઘેલા ઉ.વ.૧૫ નામના બે યુવાનોને ગંભીર ઈજાઓ થઈ હતી. આ ઘટનાને લીધે મૃતકોના પરિવારજનોમાં શોકની કાલિમા છવાઈ ગઈ તી. જીવલેણ હુમલો કરનાર શખ્સ હુમલો કર્યા બાદ કયાંક ફરાર થઈ ગયો હતો. આ બનાવની જાણ થતા જિલ્લાના ઉચ્ચ પોલિસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા અને હત્યારાને ઝડપવા શોધખોળ આરંભી હતી.

રક્તદાન
મહાદાન

## ધરમપુર ભુંડિયા ગામની ૧૯ વર્ષીય યુવતી લાપતા

ચિલોડા, તા.૪

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં છેલ્લા એકાદ માસથી યુવતીઓ ગુમ થવાના કિસ્સાઓ વધતાં વાલીઓ ચિંતાગ્રસ્ત બની ગયા છે. ગાંધીનગર જિલ્લાના ધરમપુર (ભુડિયા) ગામે રહેતી ૧૯ વર્ષીય યુવતી નામે હેતલ કરમશીભાઈ દેસાઈ ૨૯મી માર્ચના રોજ બપોરના અરસામાં ઘરેથી બિસ્કીટ લેવા જવાનું કહીને નીકળ્યા બાદ પરત ફરી નથી. તેણીની સાત દિવસ થયા છતાં હજુ પણ ઘરે પરત ન આવતાં યુવતીના વાલીએ સગા સંબંધીઓ સહિત સદર યુવતીની પૂછતાછ આદરતાં હજુ કયાંયથી ભાળ કે પતો મળ્યો નથી. તેથી ચિંતાતુર પિતાએ ચિલોડા પોલીસ મથકમાં દિકરી ગુમ થયા અંગેની જાણવા જોગ અરજી આપતાં ચિલોડા પોલીસે ગુમ યુવતીની શોધખોળ અને તપાસ અંગે હે.કો. શકરાજી મોણાજીએ કાર્યવાહીની તજવીજ હાથ ધરી છે.

## અમદાવાદની શાળામાંથી ગૂમ થયેલો ૧૧ વર્ષનો વિદ્યાર્થી પાલનપુરથી મળ્યો

પાલનપુર, તા.૪

ગુજરાતમાં નાના બાળકોના અપહરણના બનાવોમાં વધારો થવા લાગ્યો છે. જેમાં અમદાવાદની શાળામાંથી ગુમ થયેલો બાળક રાત્રીના સમયે પાલનપુર રેલવે પોલીસના હાથે મળતાં તેના માતાને જાણ કરાતાં પોતાના લાડકવાયાનું મિલન થતાં રેલવે પોલીસમાં ખુશીનો આનંદ છવાયો હતો.

અમદાવાદના ખમાસા ખાટકીવાડમાં રહેતા મહંમદ જાકીરભાઈ શેખનો ૧૧ વર્ષનો પૂત્ર સાદીક મહંમદ અમદાવાદની એલીસ બ્રીજ વિસ્તારમાં આવેલ દિવાન લલ્લુભાઈ શાળા (રાજનગર)માં ધો-૫માં અભ્યાસ કરતો હતો. જે રાબેતા મુજબ શાળામાં અભ્યાસ કરવા ગયો હતો જે નાસ્તો લેવા બહાર ગયો ત્યારબાદ શાળામાં પરત ન ફરતા પરિવારને જાણ થતાં તેની શોધ ખોળ આદરી હતી. સાદીકના પિતા મહંમદ ઝાકીર શેખ અમદાવાદ એફ. એસ. એલ. માં ફરજ બજાવે છે. તેમણે તેમના સોર્સથી તમામ જગ્યાએ જાણ કરેલ જયારે અમદાવાદથી દિલ્હી જતી રાજધાની ટ્રેન નં. જે-૭૧૪૫ કલાકે પાલનપુર આવેલ જેના ટી.સી.એ. એકલું પડેલ બાળક નિઃસહાય જોતાં તેમણે રેલવે પોલીસ પાલનપુરને સુપ્રત કર્યું હતું. પોલીસે બાળકના માતા પિતાનું જણાવતા બાળકે સરનામું આપતા રેલવે પોલીસ દ્વારા તેમનો સંપર્ક કરાયો હતો અને પોતાના લાડકવાયા પુત્રને જોઈને પિતાએ તેને છાતી સરસો ચાંપી દીધો હતો અને પૂત્રને પૂછતાં તેણે મીડીયાને જણાવેલ કે બે વ્યકિતઓ આવ્યા હતા અને મને રીક્ષામાં બેસાડીને રેલવે સ્ટેશન લઈ ગયા. ત્યાંથી મને ટ્રેનમાં લઈ જતા હતા. પાલનપુર ખાતે મને ટીસીએ પૂછયું ટીકીટ કયાં, કયાંથી આવેછે, કોણ તારી સાથે છે ત્યારે બાળકે ટીસીને જણાવેલ કે મને બે વ્યકિતઓ મારું અપહરણ કરીને લઈને આવ્યા છે ને મને મુકીને જતા રહ્યા છે અને ટીસીએ રેલવે પોલીસને બાળક સુપ્રત કર્યું હતું. રેલવે પોલીસે સારી કામગીરી કરીને પિતા પૂત્રનું મિલન કરાવ્યું હતું. રેલવેપોલીસની પ્રશંસનીય કામગીરીના કારણે ગુમ થયેલા બાળકનું પરિવારમાં મિલન થયું હતું. સરકાર દ્વારા ગુમ થવાના અપહરણ થવાના બાળકોના બનાવોની ગંભીરતાને લઈને મીસીંગ સ્કવોર્ડની રચના કરાઈ છે છતાંપણ નાના બાળકોના ગુમ થવાના બનાવો વધતા જાય છે તે એક ગંભીર સમસ્યા છે.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩૩૩૩૪૩ |
| અહેમદઉલ્લા શેખ | મોડાસા | ૯૯૧૩૫૮૭૧૪૫ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| પ્રવિણભાઈ સોની | મેઘરજ | ૯૪૨૮૫૫૪૯૫૪ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૯૩૨૮૩૧૧૫૭૫ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601